**––:: વાદીની આંક–૫ ની દરમ્યાન મનાઈ અરજી લગત હુકમ ::–**

(૧) વાદીએ હાલની અરજી સી.પી.સી. ઓર્ડર–૩૯, રુલ–૧, ૨ તથા કલમ–૧૫૧ મુજબ કામચલાઉ મનાઈહુકમ મેળવવા અરજ કરેલી છે. દાવાની સાથે હાલની મનાઈ અરજી કરી દાદ માંગેલ છે કે, મોજે – ટુંડજ, તા. જંબુસર મુકામે આવેલ ખાતા નં ૪૪, સર્વે નં ૭૧૫ વાળી મિલકતમાં સદર કામના પ્રતિવાદી જાતે કે તેમના ઘરના માણસો, મજુરો કે તેમના કુલમુખત્યાર મારફતે વાદીના ખેડ કબજા ભોગવટામાં દખલ, અંતરાય, અવરોધ ઉભો કરે કરાવે નહી. પ્રતિવાદી નં ૪ અન્ય કોઈને વેચાણ બક્ષીસ કે બાનાખત કે કોઈ પણ પ્રકારનો તબદીલી લેખ કરે કરાવે નહી કે બોજો ઉત્પન્ન કરે કરાવે નહી. તેમજ વાદીઓ વાવણી લણણી કે ઉપજ મેળવે તેમાં અંતરાય, અવરોધ કે અટકાવ ઉભો થાય તેવુ કૃત્ય કરે કરાવે નહી તેવો દાવાનો આખરી નિકાલ આવતાં સુધી દરમ્યાન મનાઈ હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

(૨) સદર દાવા અરજી તથા આંક–૫ ની મનાઈ અરજી દાખલ થતાં પ્રતિવાદીને સમન્સ, નોટીસ ઈસ્યુ કરવાનો હુકમ કરતાં પ્રતિવાદીને સમન્સ/નોટીસની બજી જતાં પ્રતિવાદી નં ૪ નાએ તેનો જવાબ આંક– ૩૨ થી રજુ રાખેલ. તેમજ અન્ય પ્રતિવાદીઓનો જવાબનો હકક બંધ કરવામાં આવેલ છે. આંક– ૩૨નો જવાબ વંચાણે લેવામાં આવેલ છે અને તે આંક સ્વરૂપે રેકર્ડ ઉપર હોય તેનું પુનરાવર્તન કરવામાં આવતું નથી.

(૩) આ કામે વાદી તરફે ની.૩/૧ થી ની.૩/૨૫ સુધીના દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજુ કરેલ છે. જયારે પ્રતિવાદી તર્ફે ની. ૩૩ /૧ થી વેચાણ દસ્તાવેજની નકલ રજુ રાખેલ છે. દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજુ કરેલ છે.

(૪) આ કામે વાદી પ્રતિવાદી તર્ફે વિ.વ.શ્રીની મૌખિક દલીલ સાંભળવામાં આવેલ છે.

(૫) આ અરજીના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

// મુદ્દા//

(૧) શું વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે ?

(૨) શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીના લાભમાં છે ?

(૩) જો મનાઈહુકમ ન આપવામાં આવે તો વાદીને નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવું અનિવાર્ય નુકશાન થાય તેમ છે ?

(૪) શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદ્દાઓના મારાં જવાબ નીચે મુજબ છે.

(૧) નકારમા

(૨) નકારમા

(૩) નકારમા

(૪) આખરી હુકમ મુજબ

**:કારણો:**

**<u>મુદ્દા નં.૧ થી ૩ ની સંયુકત ચર્ચા ::–</u>**

**(૭)** આ કામે હાલની અરજી કામચલાઉ મનાઈ હુકમની અરજી છે ત્યારે તે અરજીનો નિર્ણય કરતી વખતે કોર્ટે, કામચલાઉ મનાઈ હુકમની દાદ અંગેનો એ પ્રસ્થાપિત સિદ્ધાંત ધ્યાને લેવાનો રહે છે કે, કામચલાઉ મનાઈ હુકમ એ સમન્યાયની દાદ છે અને સમન્યાયની દાદ મેળવવા માંગતી વ્યક્તિએ કોર્ટ રૂબરૂ ચોખ્ખા હાથે આવવું જોઈએ તથા રેકર્ડ પરથી ત્રણ વસ્તુઓ તેમની તરફેણમાં સાબિત કરવાની રહે છે. આ ત્રણ વસ્તુઓમાં સર્વ પ્રથમ વાદીએ રેકર્ડ પરથી સિદ્ધ કરવાનું રહે છે કે, તેમનો પ્રથમ દર્શનીય કેસ છે. પરંતુ, પ્રથમ દર્શનીય કેસ છે તેમ માત્ર સિદ્ધ કરવાથી વાદી આપો આપ કામચલાઉ મનાઈ હુકમ મેળવવા પાત્ર ઠરતા નથી. પરંતુ, વાદીએ ત્યારબાદ એ હકીકત સંતોષકારક રીતે સિદ્ધ કરવાની રહે છે કે સગવડતાની તુલા વાદીની તરફેણમાં છે અને મનાઈ હુકમ આપવામાં ન આવે તો સામાપક્ષ કરતાં વાદીને વધુ આર્થિક નુકસાન થાય તેમ છે. આ ઉપરાંત કોર્ટે પક્ષકારોની વર્તણૂક તથા ડીલે અને લેચીસની હકીકતો

પણ ધ્યાને લેવાની રહે છે. વધુમાં, કોર્ટે કામ ચલાઉ મનાઇ હુકમની અરજી નકકી કરતી વખતે એ હકીકત પણ ધ્યાને લેવાની રહે છે કે, કામ ચલાઉ મનાઈ હુકમ ની દાદનો મુખ્ય ઉદેશ પક્ષકારો વચ્ચેની તકરારનો નિકાલ ન થાય ત્યાં સુધી દાવાની વિષય વસ્તુની યથાવત પરિસ્થિતિ જાળવી રાખવાનો છે એટલે કામ ચલાઉ મનાઇ હુકમની દાદના તબકકે આપવામાં આવતી દાદ દાવાની આખરી દાદના સ્વરૂપની ન હોવી જોઇએ કારણ કે, આખરી દાદ દાવાના અંતે આપી શકાય અથવા ન પણ આપી શકાય. આમ, જયારે પક્ષકારો પોત પોતાના હકકો અંગે લડતા હોય અને તેમણે પોતાના હકકો સ્થાપિત કર્યા ના હોય તેવા વચગાળાના તબકકે વચગાળાની દાદ સાથે દાવો મંજુર થઇ જતો હો।4 તેવી દાદ પણ આપી શકાય નહી. વધુમાં, મનાઈ હુકમની અરજી નકકી કરતી વખતે કોર્ટે એ પ્રશ્નનો પણ વિચાર કરવાનો રહે છે કે, દાવાના કોઈપણ પક્ષકારને કાયદાથી મળેલ અધિકારોમાં અંતરાય કરવુ એ ખુબજ ગંભીર બાબત છે અને મનાઈ હુકમનો કોઇ નિર્ણય કરતા પહેલા અન્ય પક્ષકારોને થનાર નુકશાન અને પડનારી હાલાકીનો પણ વિચાર કોર્ટે કરવાનો રહે છે. વધુમા, આ તમામ સંજોગો ધ્યાને લઈ મનાઈ હુકમ આપતી વખતે કોર્ટે તેની વિવેકાધિન સત્તાનો ઉપયોગ ન્યાયીક રીતે કરવાનો રહે છે.

(૮) આમ, કામચલાઉ મનાઈ હુકમની અરજી અંગેના ઉપરોકત પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતાં તથા આ દાવાનુ તથા હાલની અરજીનું રેકર્ડ ધ્યાને લેતા તથા ખાસ કરીને વાદીપક્ષે તેની મનાઈ અરજીના સમર્થનમા નિ ૩/૧ થી દયાળભાઈ માધવભાઈના મરણનો દાખલો તથા નિ ૩/૨ થી વાદીનુ આધાર/ ઈલેકશન કાર્ડની નકલ રજુ રાખેલ છે. ત્યારબાદ દાવાવાળી મિલકત ખાતા નં ૪૪ બ્લોક નં ૭૧૫ ની ૭/૧૨ ની નકલ નિ ૩/૩ થી રજુ રાખેલ છે. જેમાં કબજેદારોના નામમાં પ્રતિવાદીનં ૧ થી ૩ ના નામો લખેલ છે. ત્યારવાદ પ્રતિવાદી નં ૧ થી ૩ તથા ગીતાબેને દાવાવાળી મિલકતનો બાનાખત દયાળભાઈ માધવભાઈને તા. ૨૯/૦૩/૧૯૯૩ ના રોજ કરી આપેલો. ત્યારબાદ શાંતીલાલ જાદવભાઈનાએ હાલના કામના પ્રતિવાદી નં ૧ થી ૩ વિરૂધ્ધ કાવી પોલીસ સ્ટેશનમાં ઠગાઈની ફરીયાદ કરેલ તેની ચાર્જશીટની નકલ રજુ રાખેલ છે. જે સને

૨૦૧૧ ની સાલમાં કરેલ છે. ત્યારવબાદ શાંતીલાલ દયાળભાઈ, દિલીપસિંહ દીપસંગ, ગગુભા કેસરીસંગ, ડાહ્યાભાઈ પસાભાઈ, બુધાભાઈ સોમાભાઈ, ભીખાભાઈ બચરભાઈ નુ નોટરી રૂબરૂનુ સોગંદનામુ નિ ૩/૬ થી નિ ૩/૧૧ સુધી રજુ રાખેલ છે. આ તમામ સોગંદનામા સને ૨૦૧૧ ની સાલમાં કરેલ છે. તેમજ તેમાં બાનાખત થયા ત્યારથી દાવાવાળી મિલકતનો કબજો દયાળભાઈ પાસે હોવાની હકીકત જણાવેલ છે. ત્યારબાદ દાવાવાળી મિલકતની ઈન્ડેક્ષની નકલ નિ. ૩/૧૨ થી રજુ રાખેલ છે. ત્યારબાદ નિ ૩/૧૩ થી મામલતદારશ્રી જંબુસરના ફેરફાર નોંધ નં ૪૯૯૮ થી પડેલ કાચી નોંધ ની નમુના નં ૬ ની નકલ રજુ રાખેલ છે. તે નોંધ સામે વાદીએ આપેલ વાંધા અરજી નિ ૩/૧૪ થી રજુ રાખેલ છે. ત્યારબાદ વાદીએ ૧૯૯૩–૯૮,૧૯૯૨, ૧૯૯૫–૯૬, ૧૯૯૭,૧૯૯૯, ૨૦૦૪–૦૫,૧૯૯૨ ના સાલની વેરો, મહેસુલ તથા ઉપકર ભયાની રસીદો નિ ૩/૧૫ થી નિ ૩/૨૧ સુધી રજુ રાખેલ છે. જે ખાતા નં ૫૦ અને ૪૪ ની રસીદો છે. જેમાં ચોકકસ સવે નંબર લખેલ નથી. ત્યારબાદ નિ ૩/૨૨ થી કાવી પો.સ્ટે. ગુ.ર.નં. ફ. ૧૦/૧૧ ના ચાજશીટની નકલ રજુ રાખેલ છે. ત્યારબાદ નિ ૩/૨૪ થી ખાતા નં ૪૪ , બ્લોક નં ૭૧૫ ના ૭ અને ૧૨ ની નકલ છે. જેમાં કબજેદારોના નામમાં અરવિંદભાઈ ઈશ્વરભાઈ દેસાઈનુ નામ લખેલ છે. ત્યારબાદ નિ ૩/૨૫ થી ફેરફાર નોંધ નં ૪૯૯૮ રજુ રાખેલ છે. જેમાં બ્લોક નં ૭૧૫ ની જમીન અરવિંદભાઈ ઈશ્વરભાઈ દેસાઈનાઓએ વેચાણ આપતા તેની નોંધ પ્રમાણિત થયેલ છે.

(૯) આમ, વાદીપક્ષે રજુ રાખેલ પુરાવાઓ પરથી એ હકીકત ફલીત થાય છે કે દાવાવાળી મિલકત જેનો ખાતા નં ૪૪ બ્લોક નં ૭૧૪ છે તેની માલિકી પ્રતિવાદી નં ૧ થી ૩ ની હતી અને આ મિલકતનો પ્રતિવાદી નં ૧ થી ૩ તથા ગીતાબેનનાઓએ સને ૧૯૯૩ ની સાલમાં વાદી નં ૧/૧ ના પતિ તથા વાદી નં ૧/૨ થી ૧/ ૪ ના પિતાને વેચાણ અંગેનો બાનાખત કરી આપેલો. ત્યારબાદ સને ૨૦૧૧ ની સાલમાં પ્રતિવાદી નં ૧ થી ૩ નાએ પ્રતિવાદી નં ૪ ને રજીસ્ટર્ડ

વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ છે. ત્યારબાદ હાલનો દાવો સને ૨૦૧૯ ની સાલમાં લાવેલ છે. ત્યારે વાદીના દાવાને સમયમર્યાદાના કાયદાનો બાધ નડે છે.

(૧૦) વધુમાં, વાદીના આંક– ૫ ની હાલની અરજીની દાદ વંચાણે લેતાં, એવી દાદ માંગેલ છે કે, દાવાઅરજીના પેરા –૧ માં જણાવેલ મિલકતમાં પ્રતિવાદીઓ જાતે અગર તેમના ઘરના માણસો કે મજુરો કે કુલમુખત્યાર મારફ્તે વાદીના ખેડ કબજા ભોગવટામાં દખલ અંતરાય અવરોધ ઉભો કરે કરાવે નહી પ્રતિવાદી નં.૪ અન્ય કોઈને વેચાણ બક્ષીસ કે બાનાખત કે કોઈ પણ પ્રકારની તબદીલી લેખ કરે કરાવે નહી કે બોજો ઉત્પન્ન કરે કરાવે નહી તેમજ વાદીઓ વાવણી લલણી કે ઉપજ મેળવીએ તેમાં અંતરાય અવરોધ કે અટકાવ ઉભો થાય તેવુ કૃત્ય કરે કરાવે નહી તેવો દરમ્યાન મનાઈહુકમની માંગણી કરેલ છે. આ જ દાદ વાદીએ તેની દાવાઅરજીના પેરા ૧૦(અ) માં માંગેલ છે. આમ, વચગાળાની અરજીમાં એવો હુકમ થઈ શકે નહી જેનાથી આખા દાવાનો નિકાલ થઈ જાય. તે સંજોગોમાં પણ વાદીની આાંક– ૫ ની અરજી મંજુર થવાપાત્ર જણાતી નથી.

(૧૧) વધુમાં, વાદીએ તેની અરજીનુ કારણ જણાવેલ છે કે, તારીખ ૦૮/૦૮/૨૦૧૮ ના રોજ વાદી જંબુસર ચીફ કોમાં ફો.કેશ નં ૩૫/૧૨ ના કામે જુબાની આપવા આવતા પ્રતિવાદીએ ધમકી આપેલી કે, તમોએ ઉગાડેલ પાકો કાઢી નાણી ગમે તેમ કરી, મિલકતનો કબજો લઈ લેશુ અને બીજાને વેચી દેશુ તમારાથી થાય તે કરી લેજો. આ ધમકી સંદર્ભે વાદીએ પોલીસમાં કોઈ ફરીયાદ કરેલ હોય તેવુ જણાતુ નથી. તે માત્ર સંજોગોમાં દાવાનુ કારણ પુરાવાનો વિષય બની રહે તેમ છે. વધુમાં, વાદી દાવાવાળી મિલકતના કબજેદાર હોય તેવુ પ્રસ્થાપિત કરતો કોઈ પુરાવો સદર કામે રજુ રાખેલ નથી કે સદર દાવાવાળી મિલકતની સાચી પરિસ્થિતિ રેકર્ડ પર લાવવા કોઈ પંચનામુ પણ કરાવેલ નથી. તે સંજોગોમાં દાવાવાળી મિલકત હાલ કોના કબજામાં છે તે જાણી શકાતુ નથી. આમ, રજુ રાખેલ પુરાવાઓ પરથી દાવાવાળી મિલકતની માલીકી પ્રતિવાદી નં ૪

ની હોય, તે સંજોગોમાં વાદીનો પ્રથમદશનીય કેસ જણાતો નથી. અગવડતા– સગવડતાની તુલા પણ વાદીની તરફેણમાં જણાતી નથી. તેમજ નાણાંમાં ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાાન વાદી કરતા પ્રતિવાદીને વધુ જણાય છે. તે સંજોગોમાં મુદા નં ૧ થી ૩ નો જવાબ નકારમાં આપી મુદા નં ૪ અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

વાદીની હાલની આંક– ૫ ની અરજી નામંજુર કરવામાં આવે છે.

પક્ષકારોએ પોતપોતાનો ખર્ચ જાતે ભોગવવો.

તા. ૨૩/૦૪/૨૦૨૪

જંબુસર

(શ્રી મતી જીનલ વિશાલ અઢીયા)
એડી.સીવીલ જજ, જંબુસર
જીજે –૦૧૪૦૮